ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૩-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

સબ સલામતવાળી જૂની પરિપાટીમાં આમૂલ પરિવર્તનઃ કેજરીવાલ ઈફેક્ટ

૨૦૧૪ની લોકસભાની ચૂંટણી અત્યાર સુધી થયેલી સામાન્ય ચૂંટણીઓ કરતાં જુદી કઈ બાબતમાં પડે છે? શું એક નેતાની પાસે સેલ્ફ માર્કેટીંગનું એવું મજબૂત નેટવર્ક છે કે ચૂંટણી થયા પહેલાં જ એમના ખભા પર બેસીને એમની પાર્ટી સત્તા કબજે કરી રહી હોવાનું આભાસી વાતાવરણ ઊભું થઈ ગયું છે તે જ આ ચૂંટણીપર્વની ઉપલબ્ધિ છે? ભ્રષ્ટાચાર અને મોંઘવારી જેવા મુદ્દે બૅકફૂટ પર આવી ગયેલી દેશની એકસો અઠયાવીસ વર્ષ જૂની મહાત્મા ગાંધી, સરદાર પટેલ, પંડિત નહેરુ અને મૌલાના આઝાદ જેવા નેતાઓ આપનારી પાર્ટી પાસે સક્ષમ નેતૃત્વનો દુકાળ પ્રવર્તી રહ્યો છે, તે આ ચૂંટણીપર્વનું મહત્વનું પાસું છે? છેલ્લાં કેટલાક વર્ષોથી પ્રાદેશિક પક્ષોએ માથું ઊંચક્યું હતું. તેમની સામે રાષ્ટ્રીય પક્ષો તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનો ગર્ભિત સંદેશ તે આ વખતના ચૂંટણીપર્વની ફલશ્રુતિ હશે? આવી અનેક બાબતો વિશે ચર્ચા થઈ શકે. પરંતુ આ વખતની ચૂંટણીમાં સૌથી મહત્વપૂર્ણ બાબત છે 'સબ સલામત'વાળી જૂની, પ્રસ્થાપિત પરિપાટીમાં આવી રહેલું આમૂલ પરિવર્તન. ઈન્દિરા ગાંધીએ કટોકટી પછી આપેલી ચૂંટણીમાં દેશ એકી અવાજે ઊભો થઈ ગયો હતો. રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર'ની ફાયરબ્રાન્ડ પંકિતઓ જયપ્રકાશ નારાયણ જેવા સાધુચરિત લોકનાયકની જીભે નવા આયામ પામી હતીઃ 'સિંહાસન ખાલી કરો કિ અબ જનતા આતી હૈ...' ૨૦૧૪ની ચૂંટણીમાં એવો કોઈ લોકનાયક ચિત્રમાં નથી. અણ્ણા હજારેની અસર ઓસરી ગઈ છે. મુખ્ય રાજકીય પક્ષો જ નહીં, એક સમયના એમના કટ્ટર અનુયાયીઓ પણ એમની નોંધ લેતા નથી. અલબત્ત, અણ્ણા હજારે જયારે પક્ષને નહીં પણ સારા ઉમેવારને જ મત આપવાની વાત કરે છે ત્યારે આદર્શની રીતે એ વાત વિચારવા જેવી જરૂર લાગે છે, પરંતુ એથી ભવિષ્યની સરકારનું કોઈ ચિત્ર સ્પષ્ટ થતું નથી. બહુપક્ષીય સંસદીય લોકશાહીમાં તો વ્યક્તિ જેટલી જ પાર્ટી પણ મહત્વની બની રહે છે. સારા ઉમેદવારો પાર્ટીના આદેશને અવગણીને ગૃહના વધુ સારા નેતાને નહીં ચૂંટી શકે. એવું કરવા જશે તો એમની સામે પક્ષવિરુદ્ધ આચરણ કરવા બદલ પગલાં લેવાશે. એટલે જેવી છે તેવી બહુપક્ષીય સંસદીય લોકશાહીને સ્વીકારીને જ ચાલવું રહ્યું. એવી અપેક્ષા હતી કે અણ્ણા આંદોલનની અસરમાં અને દિલ્હી ખાતે આમ આદમી પાર્ટીની સરકાર બની શકી હતી એના પ્રભાવ હેઠળ પ્રસ્થાપિત રાજકીય પક્ષો પ્રમાણમાં ઓછા વિવાદાસ્પદ અને લોકપ્રિય ઉમેદવારોને ટિકિટો આપશે. એવું પણ શકય ક્યાં બન્યું છે? એ જ જ્ઞાતિવાદી સમીકરણો, મની-મસલપાવરનાં કમઠાણ યથાવત રહ્યાં છે ઊલટાનો આ ચૂંટણીમાં તો શરૂથી જ 'પૈસા બોલે છે' ઉદ્યોગગૃહોએ એમના એજન્ડા અગાઉથી સેટ કરી દીધો છે. પરંતુ આવી ભયજનક પરિસ્થિતિમાં પણ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ કહેવાતા ધુરંધરો સામે બાંયો ચડાવી છે અને અત્યાર સુધી ચાલી આવેલી વાટકી વહેવાર જેવી 'સલામત' બેઠકો સામે પડકાર ઊભો થયો છે. શીલા દીક્ષિત સામે કેજરીવાલ ચૂંટણી લડ્યા અને જીત્યા, તે આપણી લોકશાહીનું ઐતિહાસિક સીમાચિહ્ન છે. અત્યાર સુધી મુખ્ય રાજકીય પક્ષોનાં મોટા માથાં એકમેક પ્રતીકાત્મક ચૂંટણી લડતાં-લડાવતાં રહ્યાં છે. સોનિયા-રાહુલ વિરુદ્ધ સમાજવાદી પાર્ટી ઉમેદવાર જ નથી મૂકતી. ભાજપ પણ એમની સામે સામાન્ય ઉમેદવારો મૂકે છે અને એ બેઠકો પર પ્રચાર પણ લો-પ્રોફાઈલ જ રહે એની કાળજી રાખે છે. કેજરીવાલ શીલા-વિજય કર્યા પછી રાહુલ-સોનિયા અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ ઝંઝાવાતી પ્રચાર કરવાનો અને મજબૂત ઉમેદવારો મૂકવાનો નિર્ણય લીધો, તે નોંધપાત્ર ઘટના છે. શાઝિયા ઈલ્મી પોતે જ રાયબરેલીમાં ચૂંટણી લડવા તૈયાર ન થયાં, તે જુદી વાત છે. એમની પાર્ટીમાંથી જ પ્રેરણા લઈને કોંગ્રેસ નરેન્દ્ર મોદી વિરુદ્ધ બેઉ બેઠકો પર સક્ષમ ઉમેદવારો મૂકવા તૈયાર થઈ હોય એમ નથી લાગતું ભાજપ ગંભીરતા પૂર્વક સોનિયા અને રાહુલ 'ગંભીર' ફાઈટ આપવાનું વિચારતું થયું છે. 'સબ સલામત' વાળી જૂની પરિપાટીમાં મોટા નેતાઓને જીતવા દેવાનો વાટકી વહેવાર ચાલતો હતો. ૨૦૧૪ની ચૂંટણીમાં એ કદાચ ઓછા-વત્તા પ્રમાણમાં નાબૂદ થઈ રહ્યો છે. આ 'કેજરીવાલ ઈફેકટ' છે.

ગાંધીનગર ખાતે આવેલા એચઆઈવી હોમમાં વસાવાયેલા બાળકોને મચ્છરથી થતા રોગો સામે રક્ષણ મળે એ હેતુથી લાયોનેસ કલબ ઑફ ગાંધીનગર દ્વારા તમામ બાળકોને મચ્છરદાની અર્પણ કરવામાં આવી. તમામ મચ્છરદાની માટેની આર્થિક સહાય લાયોનેસ કલબના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી ભાવનાબેન પટેલ તરફથી પ્રાપ્ત થઈ હતી. ગત મહિને પણ ભાવનાબેન પટેલ દ્વારા એચઆઈવી ગ્રસ્ત બાળકોને તથા ચરેડીની ઝુંપડપટ્ટીના બાળકોને તીથિ ભોજન આપવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિને સફળ બનાવવામાં પ્રમુખ આરતી ભટ્ટ, સેક્રેટરી મીનાક્ષી જયસિંઘાણી તથા ટ્રેઝરર જ્યોતિબેન પંચાલે ભારે જહેમત ઉઠાવી હતી. ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી પ્રિયાબેન મનીક, શ્રીમતી ચંદા યાદવ, ઈન્દુબેન દવે, પલ્લવીબેન ગુપ્તે તથા મોટી સંખ્યામાં લાયોનેસ બહેનો હાજર રહી હતી.

એક કરોડ ઉત્તરવહી તપાસવા ૫૫,૦૦૦ શિક્ષકો કામે લાગ્યા

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવાયેલ પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી છે. બીજી તરફ ઉત્તરવહીઓ તપાસવાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. આ વખતે લેવાયેલ ધોરણ-૧૦ની ૬૫ લાખ અને ધોરણ-૧૨ સાયન્સ અને કોમર્સની ૩૫ લાખ મળીને કુલ એક કરોડ જેટલી ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી ૫૫,૦૦૦ શિક્ષકો કરી રહ્યા છે. દરેક શિક્ષકને દરરોજ ૫૦ ઉત્તરવહી તપાસવાની જવાબદારી સોંપાઈ છે. ઉત્તરવહી તપાસવાની કાર્યવાહી અંગે વધુ વિગત આપતા શિક્ષણ બોર્ડના ચેરમેન આર.આર. વરસાણીએ જણાવ્યું છે કે પેપર તપાસવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર પેપર તપાસવાની કામગીરી થાય છે. જેમાં જે તે વિષયના શિક્ષકો કે જેમને પેપર તપાસનો ઓર્ડર આપવામાં આવ્યો છે. તેઓ નિયમિતપણે કેન્દ્ર પર જાય છે તેની વિશેષ ચકાસણી રાખવામાં આવી રહી છે. ઉત્તરવહી તપાસવામાં એક ભૂલ કરનાર શિક્ષકને રૂા. ૧૦નો દંડ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું છે કે શિક્ષણ બોર્ડ ગત વર્ષની માફક મે માસના અંત સુધીમાં પરિણામો જાહેર કરી શકાય તે પ્રમાણે કામગીરી કરી રહ્યું છે. સુત્રોની માહિતી અનુસાર ધોરણ-૧૦ની ઉત્તરવહીઓનું મુલ્યાંકન શરૂ કરાયા બાદ ગુજરાતી અને વિજ્ઞાન વિષયની ઉત્તરવહીઓની ચકાસણી પૂર્ણ કરી દેવામાં આવી છે. ધોરણ-૧૦ની પરીક્ષામાં રાજ્યભરના ૯.૭૫ લાખ વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨ સાયન્સ કોમર્સના ૬.૧૫ લાખ મળીને કુલ ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ઉત્તરવહી તપાસવામાં ચુક ન રહે તે માટે વિષય શિક્ષકને એક દિવસની માત્ર ૫૦ જ ઉત્તરવહી તપાસવાનો ઓર્ડર કરાયો છે. હવે આગામી મે મહિનામાં એસએસસી અને એચએસસીના પરિણામો જાહેર થશે. દર વર્ષે બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

રાજયકક્ષાએ નિવૃત્ત ડીવાયએસપીએ ત્રીજુ સ્થાન મેળવી સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યુ

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક કમિશનર કચેરી ગાંધીનગર પ્રેરીત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી રાજકોટ ગ્રામ્ય દ્વારા રાજ્યકક્ષા સીનીયર સીટીજન માટે એથ્લેટીક્સ સ્પર્ધાઓનું આયોજન તા. ૨૭-૩-૦૧૪ થી તા. ૨૯-૩-૨૦૧૪ દરમ્યાન છાપરા, જી. રાજકોટ મુકામે યોજવામાં આવેલ છે. જેમાં સાબરકાંઠા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા સીનીયર સીટીઝન ભાઈઓની ટીમ નિવૃત્ત ડીવાયએસપી શ્રી સી.એસ. બરંડાના નેતૃત્વમાં ભાગ લઈ આવી જેમાં લાંબીકૂદમાં શ્રી સી.ડી. પરમાર, શ્રી છોટુભાઈ પરમાર, પાંચ મહુડા તા. ખેડબ્રહ્મા નિવૃત્ત ડીવાયએસપીએ ત્રીજુ સ્થાન મેળવી રાજ્યકક્ષાએ સાબરકાંઠા જિલ્લાનું નામ રોશન કરેલ છે. અન્ય ખેલાડીઓએ પણ ઉત્તમ પરફોર્મન્સ સાથે સારો દેખાવ કરી જિલ્લાનું ગૌરવ વધારેલ છે. ભાગ લેનાર ખેલાડીઓને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગણવેશ પૂરો પાડવામાં આવેલ અને વિજેતા ખેલાડીઓને જિલ્લા રમત ગમત અધિકારી ડૉ. અશોક રાવલ અને પ્રોગ્રામ કો. ઓર્ડીનેટર રાજુભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસીમાં ચોથીએ વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨૯

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં તા. ૪ અને ૫ એપ્રિલના રોજ સંસ્થા ખાતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી આયોજિત ફાર્મસી હોમ-૧૪ ફાર્મસી વિદ્યાશાખા માટેનો કાર્યક્રમ ઉજવવામાં આવનાર છે. ગુજરાતમાંથી ફાર્મસીના ૨૦૦૦ વિદ્યાર્થીઓ હાજર રહેશે. ટેકનીકલ અને નોનટેકનિકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખેલ છે.

હિસાબ અને તિજોરી પરિવારના ઉપક્રમે હિસાબી રંગોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના હિસાબ અને તિજોરી પરિવારના સંસ્કૃતિ પ્રેમી કર્મચારી-કલાકારો દ્વારા 'હિસાબી રંગોત્સવ' સાંસ્કૃતિક કાર્યક્રમોનું ગાંધીનગર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

'હિસાબી રંગોત્સવ' કાર્યક્રમ બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, સેકટર-૨૩ ખાતે આગામી ૧લી એપ્રિલ-૨૦૧૪ના મંગળવારે બપોરે ૩ થી ૬ કલાકે યોજાશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર અને વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે માતાજી અને શ્રી રામચંદ્રજીની સ્તુતી સ્પર્ધા યોજવામાં આવશે.

તેમજ શ્રી કૃષ્ણ મંડળ સેકટર-૭ દ્વારા આનંદનો ગરબો તા. ૬ એપ્રિલ રવિવાર બપોરે ૧.૩૦ કલાકે બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે યોજાશે. સ્તુતિ ગાન સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બહેનોએ આશાબેન ભટ્ટ-૨૩૨૨૫૬૫૬, અંજના ગોર-૯૪૨૮૬૧૪૪૮૨ અને જ્ઞાનદેવી ઉપાધ્યાય ૨૩૨૪૧૪૫૨ અને બ્રહ્મભવન સે-૧૬ ૨૩૨૩૫૯૩૯ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

મહાત્માને બહુ માને છે..., એ આવશે તો તમે દરેક ભારતવાસીને પોતડી પહેરેલા તમે જોઇ શકશો...!!

બોર્ડના વિદ્યાર્થીઓને હળવા કરવા માટે સંસ્કાર ગૃપ પ્રવૃત્તિઓ કરશે

ગાંધીનગર, તા. ૨૯

સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને પરીક્ષાનો ભાર હળવો કરવા માટે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કારગૃપ ગાંધીનગર આજરોજ રવિવારે સાંજે ૬.૦૦ કલાકે સેક્ટર-૭ બગીચા પાસે બોર્ડની પરીક્ષા પૂર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. જેમાં સમાચાર વાંચન, યાદશક્તિ વધારતી રમતો, નાટક, પ્રવાસ, પર્યાવરણલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સ્થળે સમયસર હાજર રહેવા સંસ્કારગૃપના પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે. તે મજ વધુ વિગતો માટે મો. ૯૨૭૫૧૫૩૮૦૪ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ધ અર્થિંગ ગૃપે વૃદ્ધો સાથે વિશ્વરંગભૂમિદિન ઉજવાયો

ગાંધીગનર, તા. ૨૯

ધ અર્થિંગ ગૃપેના સભ્યોએ વિશ્વરંગભૂમિ દિવસ ઘરડાઘરના વૃદ્ધો સાથે ખડખડાટ હસાવતું નાટક મારા ફેમીલીનું ફુટસલાડ ભજવીને ઉજવ્યો.

રંગભૂમિ દિવસ નિમિત્તે ઘણી બધી પ્રવૃત્તિઓ થતી હોય છે. પરંતુ રંગભૂમિ એટલે નાટક કે જે સમાજને કંઈક આપવાનું શીખવે છે. તો આ ઘરડાઘરના વૃદ્ધોના ચેહરા પર હાસ્યની છોળો ઉડે તેનાથી વિશેષ શું હોઈ શકે.

ગાંધીનગરમાં આવેલા માધવાનંદ આશ્રમમાં ચકદે-૩ નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટેરામા પ્રબોધ રાવલ વાન પ્રસ્થાશ્રમમાં પણ નાટક ભજવવામાં આવ્યું હતુ.

ગૃપના સભ્યો ઊર્જા, મેહુલા, પીન્ટુ, વિજય, આકાશ, સ્મિત, રવિ, ધવંત, પ્રફુલ, ભાવેશ, ચિરાગ, અભિનય કરેલ હતો.

આચારસંહિતાના પગલે સ્વખર્ચથી બિલ ચુકવાશે

અમદાવાદ, તા.૨૯

આગામી ૭ એપ્રિલથી શરૂ થનાર લોકસભાની ચૂંટણીને પગલે સમગ્ર દેશમાં આચારસંહિતા લાગુ પડી ગઈ છે. આ આચારસંહિતાની અસર મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપર પણ અવળી અસર કરી રહી છે. આચારસંહિતાને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનને આગામી બે મહિના સુધી મોબાઈલનું બીલ જાતે જ ચુકવવું પડશે.

મ્યુનિસિપલ કોર્પોરેટરોનું મોબાઈલ બીલ અત્યાર સુધી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચુકવવામાં આવતું હતું પરંતુ આચારસંહિતા સમગ્ર દેશમાં લાગુ પડી જવાથી હવે અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશનને સ્વખર્ચે મોબાઈલ બીલ ચુકવવું પડશે.

મોબાઈલ ગેમ્સ : રંગ જો લાગ્યો રે... લાગ્યો રે...!

વિગેરે...વિગેરે...

- અજય ઉપાધ્યાય

- akurjt@gmail.com

માંડ એકાદ ઈંચના બ્લેક એન્ડ વ્હાઈટ સ્ક્રીન પર ઉપસી આવતું એક ટપકું અને એ ટપકાને ખાઈ જવા માટે દોડતી લાઈન, જેમ જેમ અને જેટલા વધુ ટપકાં ને એ લાઈન ખાતી જાય એમ એમ એ લાઈન બનતી જાય મોટી અને સરકે ય ઝડપથી.. એક એક ટપકાના ભોજનની સાથે સાથે નાનકડા માઈક્રોફોનમાંથી આવતો ટરરર ટરરર જેવો અવાજ. જેમ જેમ ટપકા પકડતા જાવ એમએમ પેલી લાઈનની સ્પીડ વધવા માંડે. અને એક તબક્કે એવો આવે કે વિચિત્ર અવાજ સાથે તમારા નાગદાદા સ્ક્રીનના કોઈ ખૂણે કે એકાદી લાઈન સાથે અથડાઈ પડે ને તમારી ગેમ ખલ્લાસ... યાદ છે આવું કાંઈ? ના યાદ આવતું હોય તો હિન્ટ આપું કે આ વર્ણન છે અત્યારે કદાચ ત્રીસી કે ચાલીસીમા પ્રવેશી ગયેલા લોકોની મોબાઈલ ગેમ્સ સાથેની પહેલી ઓળખાણ. જી હા.. મગજને વધુ જોર આપો એ પુહેલા બતાવી દઉં કે મોબાઈલના ટચુકડા સ્ક્રીન પર ઝબકતી અને રાતોરાત હીટ થઈ ગયેલી આ મોબાઈલ ગેમનું નામ છે આઈ મીન હતું. સ્નેકસ. યાદ આવ્યું? નોકિયાના કાળાધોળા પડદાવાળા મોબાઈલની સાથે જ આવતી આ ગેમનું ત્યારે ઘેલું જબરજસ્ત હતું. ખાલી નોકિયાને એટલા માટે મેન્શન કર્યું કે ત્યારે એઠું સફરજન કે શ્યામ સીંગ ભાય ને હજુ નાકના શેડા કાઢતા ય નહોતા આવડતા. ઈનફેકટ એપલ તો જનમ બી નહોતો થયો. નોકિયા ૩૩૧૫ કે ૩૩૧૦ પર આવતી આ ગેમ ફુરસદના સમયે સારો ટાઈમ પાસ હતી.

અત્યારે આ નાગદાદા યાદ આવવાનું કારણ એ જ છે કે આ ટચુકડી અને અલ્પસમય સુધી જ આનંદ પ્રદાન કરતી સૌ પ્રથમ હીટ ગેમથી શરૂ થયેલી મોબાઈલના ટચુકડા પડદા (જો કે હવે તો સ્ક્રીન પણ ક્યાં ટચુકડી રહ્યાં છે?) ની જાત્રા આજે ૨૦૧૪માં એક વિશાળ કાફીલો બની ગઈ છે. જો કે વિશ્વની સૌ પ્રથમ મોબાઈલ ગેમ સ્નેક નહીં પણ આ લખનાર સહીત અનેકની ફેવરીટ ગેમ ટેટ્રીસ હતી. ૧૯૯૪માં હેગુનક હેન્ડસેટ પર આ હવામાંથી પડતી લાકડીઓની અદભુ રમત મુકાયેલી. એના ત્રણ વર્ષ પછી નોકિયાએ રીલીઝ કરી સ્નેક્સ. નોકિયા લગભગ દરેક મોબાઈલમાં આ ગેમ પ્રી-ઈન્સ્ટોલ આવતી. પ્રી-ઈન્સ્ટોલથી શરૂ થયેલી મોબાઈલ ગેમ્સની આ સફર હવે ડાઉનલોડેબલ સુધી પહોંચી ગઈ છે. બહુ જ શરૂઆતમાં પણ મોબાઈલની અંદર આવતી બે કે ત્રણ ગેમનો જે ક્રેઝ હતો એ જ ક્રેઝ આજે પણ મોટી સ્ક્રીન સુધી પ્રગતિ કરેલા મોબાઈલોમાં પણ અકબંધ રહ્યો છે. દિન દુની રાત ચોગુનીની જેમ મોબાઈલ ગેમનો કારોબાર સડસડાટ વિકાસ કરતો જાય છે. સ્નેક કે ટેટ્રીસ રજૂ કરતી વખતે ડેવલોપરને પણ અંદાઝ નહીં હોય એટલો ગંજાવર વેપાર અને વિશાળ માર્કેટ સુધી મોબાઈલ ગેમ્સ પહોંચી ગઈ છે. આપણે તો ત્યારે એકમાત્ર નોકિયા ભકત જ હતા કારણ કે બીજા તો દુર દુર સુધી કયાંય ભારતીય માર્કેટમાં દેખાતા જ નહતાં. પરણ હવે તો ભારત મોબાઈલ માર્કેટનું એક અભિન્ન અને અહમ અંગ બની ગયું છે. દુનિયા ડીઝીટલી નાની બની ગઈ છે અને વિશ્વની બધી જ બ્રાન્ડના મોબાઈલ મળતા થયા છે. ત્યારે અને મોબાઈલ નેટના વધેલા વ્યાપ વચ્ચે મોબાઈલના સ્ટોર આઈમીન એપ્સની દુકાનોમાં રોજેરોજ નીતનવી ગેમ્સની રજૂઆત થતી રહે છે.

શરૂઆતમાં મોબાઈલ ફકત સંદેશ વ્યવહાર માટે જ વપરાતો હતો. પણ ધીરે ધીરે એમાં મનોરંજનના ફીચર્સ ઉમેરાતા હયા. સાદી પોલીફોનીક રીંગટોન્સમાંથી મધુર ટોન્સ, બ્લેક એન્ડ વ્હાઈટ સ્ક્રીનમાંથી કલર સ્ક્રીન અને ટચુકડામાંથી મોબાઈલ્સ વિરાટ સ્વરૂપ ધારણ કરવાની ઉત્ક્રાંતિ ક્રિયા આરંભી દીધેલી અને આ બદલાવના જ એક ભાગ સ્વરૂપે ધીરે ધીરે મોબાઈલ્સ સ્ક્રીન પણ મોટી થતી ગઈ, મોબાઈલ્સના કન્ફયુઝ્રેસન પણ અપડેટ થતા ગયા એમ એમ મોબાઈલમાં આવતી ગેમ્સ પણ વધુ રોચક, વધુ આકર્ષક અને વધુ મનોરંજક થતી ગઈ. આપણે ત્યાં સેલફોન ક્ષેત્રે નોકીયા નો જમાનો હતો નોકિયા ૬૬૦૦ અને એના જેવા જ બીજા મોડલ્સના આગમન સાથે થોડી મોટી સ્ક્રીનના મોબાઈલાનો યુગ શરૂ થયો અને શરૂઆત થઈ વધુ રોમાંચક મોબાઈલ્સ ગેમ્સની દિલધડક દુનિયા. ચકચકાટ સડકો પર દોડતી અને ટકરાતી કાર રેસિંગ ગેમ આસ્ફાલ્ટમાં વર્ચ્યુઅલ ડ્રાઈવ કરવાની મજા કેપછી મોંઘા ભાવની બાઈક પર સવાર થઈને મોટા જીપી રમવાનો આનંદ અથવા તો લાલ પીળી વાદળી એવી રંગબેરંગી કાર્સને ટ્રેક પર દોડાવી થતી સ્પીડ અનેટાઈમની કસોટી. ટેનીસની ગેમમાં રેકેટ હાથમાં પકડયા વિના મોબાઈલને હરાવવાની ખુશીમાં આપણે જ આન્દ્રે આગાસી કે સ્ટેફી ગ્રાફ થઈ ગયા હોય એવો અનુભવાતો રોમાંચ કે પછી માઈકલ વોગ્ન ક્રિકેટમાં થતી છક્કા-ચોક્કાની લહાણી કે પછી ફીકા ૨૦૦૬ કે પછીના વર્ઝન વાળી સોકરની રમતમાં ગોલ પર ગોલ ફટકારવાની મજા. રમતગમતમાં રસ નાં હોય એના માટે હાજર હતી એન્સીયંટ એમ્પાયર કે પછી કોલ ઓફ ડયુટી. અજબના થોબડાવાળા બોમ્બરમેનનો આતંક કેટ પછી શહેરમાં કે જંગલમાં લીટરલી હાહાકાર મચાવતો કિંગકોંગ કે પછી ટક ટક કરતો સરકતો જતો પેલો પેક મેન. સ્વીત્ઝર્લેન્ટ ગયા વગર જ બરફના પહાડો પર સ્કેટીંગ કરવાની મજા આપતી આલ્ફાઈન રેસર... ઓહહહ યાદ કરવા બેસો કેટ કેટલી મોબાઈલ ગેમ્સના નામો સ્મરણોમાંથી બહાર આવી પડે.

મોબાઈલ ગેમ્સની પહેલા પણ વિડિયો ગેમ્સનો જમાનો હતો જ અત્યારે સેટેલાઈટ ચેનલ્સના સેટ અપ બોક્ષને મળતું આવતું હેમ બોક્ષ હોય ને એમાં લગાવવાની ગેમ્સની કેસેટ. વાયરથી લગાડેલા રીમોટ કંટ્રોલને પકડો હાથમાં ને ટીવીમાં શરૂ થાય તમારી ફેવરીટ ગેમ્સ કોન્ટ્રા કે પછી સુપર મારિયો કે પછી ટેનીસ. પણ એ ગેમ્સ મુવેબલ નહોતી. તમે એને હાલતા ચાલતાનાં રમી શકો. એના માટે એક જગ્યાએ અને એ પણ ટીવીથી અમુક અંતર સુધીમાં બેસવું પડતું. પણ મોબાઈલ આવતાની સાથે જ આપણને ચલાયમાન કનેકટીવીટીનો લાભ મળતો થયો ને એમાં શરૂ થઈ આ ગેમ્સ. હવે તમે જરાક ફુરસદ મળી કે મચી પડો મોબાઈલમાં તમારી મનગમતી ગેમ રમવા. ઓફિસથી ઘર પહોંચતા બસમાં વિતાવવો પડતો એક કે બે કલાક હવે બોર નથી લાગતા. હગવે લગ્નપ્રસંગમાં આપવી પડતી ફરજીયાત હાજરી પણ આ રોમાંચક ગેમ્સોને લીધે સહ્ય બની ગઈ છે. કોલેજમાં બે લેકચર વચ્ચે મળતો સમય કેન્ટીનમાં ઓછો ને કોણ કઈ નવી ગેમ્સ ડાઉનલોડ કરી એના ખાંખાખોળા કરવામાં વધુ વીતી છે. નોકિયા ના ૩૩૧૫માં આવતી ત્રણ, યસ ફકત ત્રણ કાળી ધોળી રમતની જગ્યા એ આંખ આંજી દેતી અનેક નવી ગેમ્સોની હારમાળા વધતી જાય છે. રાજાની કુવરીની જેમ મોબાઈલ ગેમ્સની સંખ્યા રાતેનાં વધે એટલી દિવસે વધે છે. હવે મોબાઈલ સંદેશાની આપ લેથી પણ અનેક ડગલાં આગળ નીકળી ગયો છે જાણે હાલતું ચાલતું મનોરંજનનું મશીન જ જોય લ્યો.

જાવા અને સાખ્બિયન જેવા લીમીટેડ પ્લેટફોર્મની જગ્યાએ મેક અને એન્ડ્રોઈડના વધુ વિશાલ અને ખુલ્લા પ્લેટફોર્મ આવી ગયા છે. મોબાઈલની સ્ક્રીન મોટીને મોટી થતી જાય છે. તેમ તેમ એમાં ગેમ્સ રમવાનો ચસ્કો કહો કે આનંદ પણ દિવસેને દિવસે વૃદ્ધિ પામતો જાય છે. એન્ડ્રોઈડના પ્લેસ્ટોર અને એપલના એપ સ્ટોરમાંથી ખાલી ભારતીય મોબાઈલ ઉપભોક્તાઓ જ વર્ષે દહાડે ૨૦૦ કરોડના એપ્સને જેમ્સ ડાઉન લોડ કરે છે. જે ૨૦૧૬ સુધીમાં ૨૭૦૦ કરોડને પાર પહોંચી જવાની ધારણા છે. તાજેતરમાં જ થયેલા ૩૫ શહેરના બે કરોડ જેટલા વપરાશકર્તાના એક સર્વેમાં એ વાત બહાર આવી છે કે વપરાશના ૪૯ ટકા જેવી રકમ ઓનલાઈન ગેમ્સ કે ગેમ્સ ના ડાઉનલોડ ઉપર ખર્ચાય છે. મોબાઈલના એપ વર્લ્ડમાંથી ક્રિકેટ, વિડયો કે મ્યુઝીકની સાથે સાથે ગેમ્સનું ડાઉનલોડ પણ મોટા પ્રમાણમાં થાય છે. હવે તો અસંખ્ય અને અગણિત ગેમ્સ દરેક મોબાઈલ સ્ટોરમાં ઉપલબ્ધ છે. મોટાભાગે ફરી મળતી અને ડાઉન લોડ થતી આ ગેમ્સને જી ભરાય જાય ત્યાં સુધી રમો અને પછી મારો ડીલીટ ને ફરી પાછી ડાઉન લોડ કરો કોઈ નવી ગેમ્સને રમતા રહોત. તો આવો જોઈએ અત્યારની લેટેસ્ટ અને અમુક ઓલ ટાઈમ કરન્ટ હીટ મોબાઈલ ગેમ્સ.

જો અત્યારની હીટ ગેમ્સની વાત કરતા હોઈએ તો 'તીન પત્તી' થી જ શરૂઆત કરવી પડે. સદીઓથી રમાતા જુગારનું આ લેટેસ્ટ વર્ઝન આજકાલ સુપર હીટ છે. ગુગલ પ્લે સ્ટોરમાંથી આ ગેમ ડાઉનલોડ કરો ને મચી પડો જુગાર રમવા. આજકાલ આ ગેમનો એવો ચસ્કો લાગ્યો છે કે અનેક લોકો આની પાછળ રીતસર ગાંડા થયા છે. વિશ્વના કોઈપણ વ્યક્તિને દોસ્ત બનાવી ને તમે આ જુગાર રમી શકો છો. જો કે મનોરંજનથી શરૂ થયેલી આ ગેમ આજકાલ સાયબર ક્રાઈમના ચોપડે પણ પોતાનું નામ ગજાવી રહી છે. રોજ રોજ આપણને આ ગેમ થકી બરબાદ થઈ ગયેલા લોકોના કિસ્સાઓ વાચવા મળી રહ્યા છે. નિર્દોષ મનોરંજન માટે રમાય ત્યાં સુધી ઠીક છે પણ જ્યારે આ ગેમને ગંભીરતાથી લઈને કાયદેસર જુગાર ના હાટડા મંડાતા થઈ જાય ત્યારે રમનારે આ ગેમથી ચ